જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૫૬/૨૦૨૫**

વેજલપુરઃ ચંદ્રીકાબહેન ચંપકલાલ મકાણી (ઉ.વ.૭૬) (રહે. વિણાકુંજ સોસાયટી આર.આર.દ્વિવેદી સ્કૂલની બાજુમાં વસ્ત્રાપુર રેલવે ક્રોસીંગ પાસે વેજલપુર) તા.૨૩/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વેજલપુર આર.આર.દ્વિવેદી સ્કૂલ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષો સરનામું પુછવાના બહાને ચંદ્રીકાબહેન મકાણી નજીક આવ્યા હતા અને ખોડીયાર માતાનું મંદિર ક્યાં આવેલ છે તેવું પુછતા ચંદ્રીકાબહેન મકાણી એ જણાવેલ કે ખોડીયાર માતાનું મંદિર આ વિસ્તારમાં નથી તેમ કહેતા સ્કુટર ચાલકે જણાવેલ કે હું ખોડીયાર માતાનો ભુવો છું તેમ કહી એક રૂપિયો માંગતા ચંદ્રીકાબહેન મકાણી એક રૂપિયો આપ્યો હતો. ત્યારબાદ તેઓએ ચંદ્રીકાબહેન મકાણીને સો રૂપિયા પરત આપ્યા હતા અને વાતોમાં ભોળવી ચંદ્રીકાબહેન મકાણીના હાથમાં પહેરેલ સોનાની એક બંગડી કાઢી આપવાનું કહી પરત આપવાનું જણાવતા ચંદ્રીકાબહેન મકાણીએ પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– તેઓને આપતા સોનાની બંગડી લઈ તેઓ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચંદ્રીકાબહેન મકાણી એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૬૫૭/૨૦૨૫**

નારોલઃ મનોહરલાલ દુધારામ બુનકર (રહે. આકાશ મેટ્રો સીટી પાર્થેશ્વર મહાદેવ રોડ નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૫ સાંજના ૦૭/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર મોની હોટલના ખાંચામાં હરીદર્શન એસ્ટેટમાં ગોડાઉન નંબર–૧૨ મામાદેવ સ્ક્રેપ નામની ભંગારની દુકાન બહાર પાર્ક કરેલ બોલેરો પીક–અપ વાન નંબર આરજે ૩૦ જીબી ૧૨૮૨ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૫૮/૨૦૨૫**

ચાંદખેડાઃ રંજનબહેન વા/ઓ અશોકકુમાર રાઠોડ (ઉ.વ.૪૯) (રહે. સ્વાતીગ્રીન રિલાયન્સ મોલ સામે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૫ કલાક ૦૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

વેજલપુરઃ હેમલતા વા/ઓ પુનમચંદ વસીટા (ઉ.વ.૪૨) (રહે. પરમવીર એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર રેલવે સ્ટેશન સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૫ સાંજના ૦૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

વટવાઃ નિષાબહેન મેહમુદભાઈ પઠાણ (ઉ.વ.૩૬) (રહે. રોશનબેનની ચાલીની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૫ બપોરના ૦૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાહુલભાઈ મુકેશભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી